# ગુજરાતમાં વિધાનસભાની ૪, લોકસભાની બે બેઠક ખાલી છે

## મે મહિનાના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં પેટાચુંટણી યોજાય તેવી શક્યતા : લોકસભાની બે બેઠકો કોંગ્રેસની પાસે છે

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં વિધાનસભાની ચાર અને લોકસભાની બે બેઠકોની પેટાચુંટણી સંભવતઃ મે માસના પ્રથમ સપ્તાહમાં યોજાય તેવા નિર્દેશો મળી રહ્યાં છે. જેથી વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાં જ ભાજપ-કોંગ્રેસ રાજકીય પક્ષોમાં ૬ બેઠકોની પેટા ચૂંટણીને લઈને રાજકીય ચહલ-પહલ જોવા મળે તેમ છે. વિધાનસભાની ચાર ખાલી બેઠકો કોંગ્રેસ હસ્તગત હતી. એજ રીતે લોકસભાની બે બેઠકો પણ કોંગ્રેસ હસ્તગત છે એટલે ભાજપ માટે આ બેઠકો જીતવામાં આવે તો તેને રાજકીય નફા સમાન કહી શકાય એમ પણ સૂત્રો કહી રહ્યાં છે. ૧૩મી ગુજરાત વિધાનસભામાં મોરવાહડ, લીંબડી, ધોરાજી અને જેતપુર બેઠક ખાલી પડી છે. એજ રીતે લોકસભાની પોરબંદર અને બનાસકાંઠા બેઠકો ખાલી પડી છે. પોરબંદરના કોંગ્રેસના સાંસદ વિઠ્ઠલ રાદડીયાએ વિધાનસભાનું સભ્યપદ જાળવી રાખવા બેઠક પરથી રાજીનામું આપ્યું હતું. જ્યારે બનાસકાંઠાની બેઠક કોંગ્રેસના સીટીંગ સાંસદ મુકેશ ગઢવીના નિધનને કારણે ખાલી પડી છે.


ચૂંટણીપંચના સૂત્રોનું માનવું છે કે, બેઠક ખાલી થયા બાદ ૬ મહીનામાં પેટાચૂંટણી યોજવી જરૂરી છે. ચોમાસામાં ચૂંટણીઓ યોજાતી નથી તેથી આ ૬ બેઠકોની પેટાચૂંટણીઓ મેના પ્રથમ સપ્તાહમાં યોજાવવાની પુરેપુરી શક્યતા છે. બજેટ સત્ર પૂર્ણ થતાં જ ચૂંટણી પંચ દ્વારા પેટાચૂંટણીની તૈયારીઓ આરંભાય તેમ છે. ખાસ કરીને આ મત વિસ્તારોની મતદાર યાદી તૈયાર કરવી, ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીનની વ્યવસ્થા તથા અન્ય સંલગ્ન વ્યવસ્થાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકીય પક્ષોમાં ખાસ કરીને કોંગ્રેસમાં ફરીથી આ બેઠકો જીતવા કોને ટીકીટ ફાળવવી તેની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ૬ બેઠકોની પેટા ચૂંટણીને લઈને આગામી ટૂંક સમયમાં રાજકીય પક્ષોમાં ગરમા-ગરમી જોવા મળશે. એ જ રીતે પેટા ચૂંટણીઓની જાહેરાત થતાં આ બેઠકો જે જિલ્લામાં આવે છે ત્યાં આચારસંહિતા અમલમાં આવશે.





## વડીલોને વંદન અભિનંદન


પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
(૧૯૪૮) ફોનઃ ૨૩૨૨૨૬૪૦


બળદેવભાઈ વી. પટેલ
(૧૯૩૬) ફોનઃ ૨૩૨૨૮૯૯૨


રણછોડભાઈ રેવાભાઈ
(૧૯૩૬) ફોનઃ ૨૩૨૪૧૫૬૯


ભગવાનભાઈ આઈ. પટેલ
(૧૯૪૧) ફોનઃ ૨૩૨૧૦૫૬૬

# અખબારભવન ચોકડી પાસે તંત્રએ બે બમ્પ બનાવ્યા

## અકસ્માત નિવારવા બમ્પ બનાવવા પ્રબળ માંગ ઉઠી હતી

ગાંધીનગર, તા. ૩૦

સે. ૧૧ સ્થિત અખબારભવન ચોકડી પાસે છાશવારે થતા અકસ્માતો નિવારવા તંત્ર દ્વારા બે બમ્પ બનાવી દેવાયા છે. આ વિસ્તારમાં ટ્રાફિકના ધમધમાટ વચ્ચે આંતરિક માર્ગો પર રોજબરોજ બેફામ જતા વાહનોના લીધે માર્ગ સલામતી જોખમાતા બમ્પ બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી.

શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવે માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. જ્યારે મુખ્ય માર્ગોની સાથે સેક્ટરોના આંતરિક માર્ગો ઉપર પણ પૈડા પરની જિંદગી વધુ જોખમી બનતી જાય છે. સે. ૧૧માં સ્થિત વાણિજ્ય કોમ્પલેક્ષોના લીધે સેક્ટરના આંતરિક માર્ગો પર વાહનોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ પાર્કીંગ પ્લેસ ઉપર પણ દબાણો અસ્તિત્વમાં આવતા ટ્રાફિક સેન્સના નામે મીંડુ ચિતરાયેલું જોવા મળે છે. આવા સંજોગોમાં અખબારભવન પાસે પણ રોજબરોજ નાના-મોટા અકસ્માતો થતા હોવાનો જનઆક્રોશ ભભૂક્યો હતો. જેને અનુલક્ષી અખબારભવન ચોકડી પાસે બમ્પ બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પાટનગર યોજના વિભાગ દ્વારા આ સ્થળે ત્વરિત અસરથી બે બમ્પ બનાવી દેવાયા છે.

# અખિલ ભારતીય ક્ષત્રિય મંચ, ગુજરાત પ્રદેશના અધ્યક્ષપદે દિનેશસિંહ ચાવડા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને વિવિધ સેવાકીય



સંસ્થાઓ સાથે સંકળાયેલ શ્રી દિનેશસિંહ ચાવડાની અખિલ ભારતીય ક્ષત્રિય મંચ, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે ક્ષત્રિય આગેવાનોની દરખાસ્ત મુજબ અખિલ ભારતીય ક્ષત્રિય મંચના સંયોજક આદરણીય શ્રી રમેશસિંહ રાઘવ દ્વારા વરણી કરવામાં આવી છે. ક્ષત્રિય સમાજની તાજેતરમાં મળેલ ચિંતન શિબિરમાં સમાજના શૈક્ષણિક, વ્યાવસાયિક અને સામાજિક વિકાસ દ્વારા સમાજને રાજસત્તામાં પ્રભાવશાળી બનાવવાની જવાબદારી તેઓને સોંપવામાં આવી છે. શ્રી ચાવડા દ્વારા સમાજના આગેવાનોને વિશ્વાસમાં લઈ વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે સુપ્રત થયેલ જવાબદારી યથાર્થ ઠેરવવા પરિણામલક્ષી પ્રયત્નો આદરવામાં આવેલ છે.

# કેન્સર અંગે સમાજમાં વ્યાપક જાગૃતિ જરૂરી છે : રાજ્યપાલ

## કેન્સરના દર્દીઓની સારવાર અને રોગના નિર્મૂલન માટે સંશોધન કામદારીને આગળ વધારવા માટે અપીલ કરાઇ

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં કેન્સર જેવી ઘાતક બિમારી સામે લડતી સંસ્થા ગુજરાત કેન્સર સોસાયટીની આજે ૫૧મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના રાજ્યપાલ કમલા બેનીવાલ અને આરોગ્ય મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલે કેન્સર સામે લડવા માટે વ્યાપક જનજાગૃતિ જરૂરીયાત ઉપર ભાર મુક્યો હતો.સાધારણ સભાને સંબોધતા રાજ્યપાલ કેન્સરના દર્દીઓની સારવાર અને રોગના નિર્મૂલન માટે સંશોધન કાર્યને આગળ વધારી સમાજ પ્રત્યેનું કર્તવ્ય અદા કરવા અનુરોધ કર્યો હતો. વધુમાં રાજ્યપાલે ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં કેન્સરના જરૂરતમંદ દર્દીઓને જરૂરી સારવાર અને તબીબી સહાય પ્રદાન કરવામાં આવે છે. જેમાં ૭૦ ટકાથી વધુ દર્દીઓને વિના મૂલ્યે સારવાર પુરી પાડવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેન્સર સોસાયટી કેન્સરના દર્દીઓને આધુનિક સેવાઓ મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. કેન્સર, કીડની, હૃદય જેવા અસાધ્ય રોગોથી પીડાતા સમાજના જરૂરતમંદોને સરકારી યોજનાઓ હેઠળ સારવાર મળી રહે તે માટેનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત કેન્સર સોસાયટીના એક્ઝીક્યુટીવ ચેરમેન પંકજ પટેલે સોસાયટીની પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજુ કર્યો હતો. ગવર્નીંગ બોડીની બેઠકમાં સોસાયટીના નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ગવર્નીંગ બોડીના સભ્યો હાજર રહ્યા હતા.

# ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગરમાં સામુહિક ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાન યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર ખાતે ૧૧મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ દરમિયાન સામૂહિક ચૈત્રી અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ કલ્યાણ હેતુ આ અનુષ્ઠાનમાં જોડાવા માંગતા ભાવિક સાધકોએ તેમના નામ સાહિત્ય સ્ટોલ પર નોંધાવવા ગાયત્રી શક્તિપીઠના મેનેજીંગ ટ્રસ્ટી અશ્વિનભાઈ પટેલે ખાસ જણાવ્યું છે.

બદલાતા સંજોગોમાં, વાતાવરણ પરિષ્કાર અર્થે માનવમાં દેવત્વના સિંચન અર્થે ચૈત્રી નવરાત્રીમાં 'મા' જગદંબા-આદ્યશક્તિના અનુષ્ઠાન કરવામાં આવે છે. આ અનુષ્ઠાનનો મહિમા બદલાતી ઋતુઓમાં શક્તિનો સ્તોત્ર બની જાય છે. ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર ખાતે ૧૧મી એપ્રિલ-૨૦૧૩થી ૧૯મી એપ્રિલ-૨૦૧૩ને રામનવમી સુધી સામૂહિક ઊર્જા ઉત્પન્ન કરવા અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવિક સાધકોને આનો લાભ લઈ વિશ્વ કલ્યાણ હેતુ આ સામુહિક અનુષ્ઠાનમાં જોડાવા તેઓના નામ સાહિત્ય સ્ટોલ પર નોંધાવવા જરૂરી છે. તા. ૧૦મી એપ્રિલ-૨૦૧૩ને સાંજે ૭.૩૦ કલાકે અનુષ્ઠાન સંકલ્પ લેવડાવવામાં આવશે. જે વ્યક્તિઓને ગાયત્રી શક્તિપીઠ પર નિવાસ કરવો હોય તો તેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે જેની સાધકોએ નોંધ લેવી.

# બહેરામપુરામાં ગેરકાયદે ૧૯ દબાણોને દૂર કરાયા

અમદાવાદ, તા.૩૦

દક્ષિણ ઝોનના ટીડીઓ-એસ્ટેટ ખાતાના સ્ટાફ તથા દબાણ વિભાગ દ્વારા બહેરામપુરા વોર્ડમાં, સુએજ ફાર્મની જગ્યામાં થયેલા ગેરકાયદેસર ૧૯ નંગ રહેઠાણ પ્રકારના દબાણો એસ્ટેટ ટીડીઓ તથા દબાણ વિભાગના તમામ સ્ટાફ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી દૂર કર્યા છે. આમ, આગામી દિવસોમાં પણ ગેરકાયદેસર બાંધકામો- દબાણો દૂર કરવાની કાર્યવાહી, ઝુંબેશ રૂપ સઘન બનાવી, કડક કાર્યવાહી કરવામાં આવનાર છે.

# ગદ્યની સત્તા વિષય ઉપર બે દિનના સેમીનારનું આયોજન

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના હિન્દી વિભાગ દ્વારા 'ગદ્ય કી સત્તા' વિષય પર એક બે દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. ઓએનજીસીના સહયોગથી આયોજીત આ સેમીનારમાં હિન્દી સાહિત્યમાં ગદ્યનું મહત્વ શું છે અને ગદ્યની સત્તા સાહિત્યમાં શું મહત્વ ધરાવે છે એ બાબતે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી છે.શનિવારે અને રવિવારે યોજાનાર આ કાર્યક્રમમાં જુદા-જુદા રાજ્યના હિન્દી ભાષાના નવલકથાકાર, નાટ્યકાર, સમીક્ષક અને વિવેચક હાજર રહીને વિષય લક્ષી વ્યક્તવ્ય આપશે. જેના પ્રથમ દિવસે આજના હિન્દી સાહિત્યમાં ગદ્યનું મહત્વ ક્રમશઃ ઘટી રહ્યું છે અને આજે પણ હિન્દી સાહિત્યમાં પદ્યની જ સત્તા રહેલી છે. તે અંગે નિષ્ણાંતોએ ચર્ચા કરી હતી. નિષ્ણાંતોએ મંતવ્ય વ્યક્ત કર્યા હતા કે, ગદ્યને આજે પણ અભિવ્યક્તિના એક માધ્યમ તરીકે જ ઓળખવામાં આવે છે. ગદ્યને પોતાની કોઈજ સત્તા મળતી નથી. તેથી હિન્દી સાહિત્યમાં ગદ્યનું પણ મહત્વ સચવાય તે અંગે પ્રયત્નો કરવા જોઈએ.બે દિવસના આ સેમીનારમાં દિલ્હીથી નિર્મલા જૈન, વિવેચક નરેન્દ્ર મોહન, જમ્મુના નારીવાદી લેખિકા ક્ષમા કૌલ, હૈદરાબાદના શશી મુદીરાજ, ભોપાલના ગદ્યકાર, રમેશચંદ્ર શાહ, કથાલેખક જ્યોત્સના મિલન, સમાવર્તન જેવી પ્રસિદ્ધ પત્રિકાના સંપાદક રમેશ દવે, મોહનલાલ સુખડીયા, વિશ્વવિદ્યાલયના હિન્દી વિભાગના અધ્યક્ષ માધવ હાડા, ગાંધીનગરના મહાવીરસિંહ ચૌહાણ, સંજીવ દુબે, વડોદરાના શૈલેજા ભારદ્વાજ અને અમદાવાદના નિલમ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહીને હિન્દી ગદ્યના મહત્વની વાત કરી હતી

## સેનેટ સભામાં ૧૯૩ પ્રશ્નોને મંજુર કરાયા

ગુજરાત યુનિવર્સિટી ખાતે મેળવી સેનેટની સાધારણ સભામાં હંગામા વચ્ચે સભા માત્ર ૪૫ મિનિટમાં આટોપી લેવાની ફરજ પડી હતી. જો કે સભા દરમિયાન વિદ્યાર્થી નેતાઓ દ્વારા રજુ કરાયેલા ૧૯૩ પ્રશ્નોને સભાઅધ્યક્ષ મુકુલ શાહે મંજુરીની મહોર મારી દીધી હતી. આ ઉપરાંત યુનિવર્સિટીના ૧૬૫ કર્મચારીઓના પગલામાં વધારેને મંજુર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીમાં પાર્ટટાઈમ ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને દેના ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના નવિન મકાનોનું ખાતમુહૂર્ત

અમદાવાદ, તા. ૩૦

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને દેના ગ્રામીણ સ્વરોજગારતાલીમ સંસ્થા, અમદાવાદના નવિન મકાનોનું ખાતમુહૂર્ત આજે અમદાવાદ ખાતે પંચાયત મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દેશમાં ગરીબો માટે ખૂબ વાતો થઈ છે પરંતુ સાચા અર્થમાં ગરીબોને કેન્દ્રમાં રાખીને તેમના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે કાર્ય કર્યું છે. આ માટે ગુજરાત સરકારે સંખ્યાબંધ યોજનાઓ બનાવી છે. આ યોજનાઓના માધ્યમથી ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવા રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. ગ્રામ વિકાસ એજન્સીના નવાં મકાનોની જગ્યા એસ.જી. હાઈવે પર તથા એસ.પી. રીંગ રોડ નજીક હોવાથી કામ માટે આવતા જિલ્લાનાં લોકો માટે સાનુકૂળ પડશે તેમ જણાવી આવું સુવિધાપૂર્ણ નાવિન્ય કાર્ય ટૂંકાગાળામાં કરવા માટે અધિકારીશ્રીઓને બિરદાવ્યા હતાં.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી બંછાનિધી પાનીએ નવિન મકાનો ગ્રામીણ શૈલીથી તથા રૂફરેઈન વોટર હાર્વેસ્ટીંગની સગવડવાળુ, પ્રાકૃતિક પ્રકાશ તથા હવા ઉજાસથી સુસજ્જ એવાં આ મકાનો બનસે જે ઈકો ફ્રેન્ડલી અને ક્લાયમેટીકલી સુવિધા ધરાવતાં હશે.

દેના બેંકના જનરલ મેનેજર (ગુજરાત) શ્રી સુરેશ એન. પટેલ નવિન તૈયાર થનાર બિલ્ડીંગની જમીન મેળવવા માટે તથા અન્ય સહયોગ માટે અધિકારીશ્રીઓ તથા સરકારનો આભાર વ્યક્ત કરી આ બિલ્ડીંગ છ મહિનામાં તૈયાર થઈ જશે તેમ જણાવ્યું હતું. અહીં સ્વરોજગારની તાલીમ આપી તાલીમાર્થીઓને માઈક્રો એન્ટરપ્રાઈઝ ચલાવવા/સક્ષમ કરવાં સુધીની કામગીરી કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ.જે. શાહે મકાનની કામગીરીની રૂપરેખા આપી જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા દેના બેંકના જનરલ મેનેજરશ્રી સુરેશ એન. પટેલની આ નવિન મકાન માટે આપેલ સહકાર બદલ આભાર માન્યો હતો.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું નવિન મકાન ૫,૦૦૦ ચો.મી. જમીન પર ૨,૨૫૦ ચો.મી.ના બાંધકામ સાથેનું રૂ. ૪૫૦ લાખના ખર્ચે તૈયાર થશે.જેનો આર્કીટેક્ટ પ્લાન સેપ્ટ યુનિવર્સિટીએ તૈયાર કરેલો છે. નવિન મકાન ગ્રામીણ શૈલીની ઝાંખી કરાવતું તા ૨.૫૦ લાખ લીટર રેઈનરૂફ વોટર હાર્વેસ્ટીંગની ક્ષમતા ધરાવતું અંડરગ્રાઉન્ડ ટાંકી સાથેનું તૈયાર થશે.

જ્યારે દેના બેંકનું નવિન મકાન ૪,૦૦૦ ચો.મી. જમીન પર રૂ. ૧૭૫.૯૨ લાખના અંદાજિત ખર્ચે તૈયાર થશે.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ સરલાબેન, ધારાસભ્ય બાબુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય પ્રાગજીભાઈ પટેલ તથા અધિકારીઓ, પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## શબ્દાવલી - ૫૦૨૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | |
| | ■ | | ■ | ■ | ૫ | | ■ |
| | ■ | ૬ | ૭ | ૮ | | ■ | ૯ |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | | |
| ૧૯ | | ■ | ૨૦ | ■ | | ■ | ■ |
| ■ | ૨૧ | | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. નકામુ (૪)
૩. બારોબાર (૩)
૫. મુસ્લિમોના ઉપવાસ (૨)
૬. છૂટે નહિ તેવી ગાંઠ (૪)
૧૦. કાપડનો વીંટો (૨)
૧૨. ભગવાનની કૃપા જેના પર ઉતરે તેનો.... પાર થઈ જાય (૨)
૧૩. સત્ત્વ, સંપૂર્ણ અર્ક (૨)
૧૪. ખ્રિસ્તીઓનાં ધર્મગુરૂ (૩)
૧૭. પવન, અનિલ (૩)
૧૮. માંગણી કરતી અરજી (૪)
૧૯. શ્વાસની બિમારી (૨)
૨૧. મુસ્લિમોની પ્રાર્થના (૩)
૨૨. પોચું, ઢીલું (૩)

### ઊભી ચાવી

૧. જેની સાથે લગ્ન થવાના હોય તે સ્ત્રી (૪)
૨. ... કરીને પડો ફતેહ છે આગે (૩)
૩. પીછેહટ, પાછળ ખસવું તે (૩)
૪. ધ્વજ, ઝંડો (૨)
૭. ડાબોડીયું (૩)
૮. પાગલપુરૂષ (૨)
૯. ડોક, ગ્રીવા (૪)
૧૧. ક્રોધિત, ગુસ્સે થયેલ (૫)
૧૫. સફેદ ઘાસ, ... આઠમ (૨)
૧૬. નમ્રતાથી રજૂ કરવું તે (૪)
૧૭. વદાડ લેવો, ... લેવો (૨)
૨૦. રાજા કરે... દરજી સીવે કોટ (૨)

### શબ્દાવલી ૫૦૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) લથડપથડ (૫) હાડ (૬) કોસ (૭) પતજડ (૧૦) પાયલ (૧૧) ડમરૂ (૧૨) ઉપાડો (૧૩) તસર (૧૫) ફરસીપુરી (૧૭) કલરવ (૧૯) કાયા (૨૦) તરવરાટ (૨૧) રદ

**ઊભી ચાવી :-** (૧) પહાડ (૩) થડ (૪) ફસલ (૬) કોયડો (૭) પડતર (૮) તમસ (૯) જરૂર (૧૦) પાયા (૧૨) ઉપરવટ (૧૪) ફરિયાદ (૧૫) ફરશ (૧૬) પુકાર (૧૭) કર (૧૮) લવ

# અજન્ટા હોટલમાં મહિલાનું ખૂન કરનારને આજીવન કેદ

અમદાવાદ, તા.૩૦

શહેરના મીર્ઝાપુર વિસ્તારમાં આવેલી અજન્ટા હોટલમાં આરોપી ભૂપતસિંહ અજુબા રાઠોડ દ્વારા હોટલમાં તેની સાથે રોકાયેલી મહિલનું ખૂન કરવાના ગુનામાં સેશન્સ જજ વીએમ નાયકે ફોરેન્સિક પુરાવા અને હોટલના માહિલ અને વેઈટરની જુબાની માન્ય રાખી આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

અમદાવાદ ઓઢવ વિસ્તારમાં રહેતો ભૂપતસિંહ અજુબા રાઠોડે વર્ષ ૨૦૦૯માં મધુકાન્ત નામની મહિલા સાથે મીર્ઝાપુરમાં આવેલ અજન્ટા હોટલમાં ગયો હતો. જ્યાં બંને જણાને શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ બંને જણા બાથરૂમમાં ન્હાવા ગયા અને આરોપી ભૂપતસિંહ રાઠોડે મધુકાન્તની હત્યા કરી ફરાર થઈ ગયો. મહિલાનું ખૂન થતાં અજન્ટા હોટલના માલિક સહિત સમગ્ર સ્ટાફ ફફડી ગયુ હતુ. હોટલના માલિક મનિષકુમાર ક્રિશ્ચિયને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસ દરમ્યાન આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. કેસ કોર્ટમાં ચાલતા આરોપી વિરુદ્ધ હોટેલના માલિક મનીષ ક્રિશ્ચિને જુબાની આપી હતી કે આરોપી અને તેની સાથે એક મહિલા હોટલમાં રોકાઈ હતી. ઉપરાંત વેઈટરે પણ રૂમ સર્વિસ આપતી વખતે બંને જણને રૂમમાં જોયા હતા તેમજ ફોરેન્સિક તપાસમાં મૃતક મહિલાના શરીરમાંથી આરોપીનું વિર્ય મળી આવ્યું હતુ તેથી કોર્ટ આ બધા પુરાવાનો આધાર લઈ આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપી વિરુદ્ધ ખૂનનો ગુનાની કલમ અને હોટલમાં ખોટી ઓળખાણ આપવા બદલ પણ ગુનો નોંધી આરોપીને કલમ ૩૦૨ અને ૪૧૯ મુજબ આજીવન કેદની સજા ફટકારી છે.

# યુનિવર્સિટી સુધારણા એક્ટ મામલે મિટિંગ તોફાની બની

## એનએસયુઆઈ- એબીવીપીના સેનેટના સભ્યો સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલચાલી : તંગદીલી ફેલાઇ

અમદાવાદ, તા.૩૦

આજે ગુજરાત યુનિવર્સિટી સેનેટની સામાન્ય સભા યુનિવર્સિટીના ઉપકુલપતિ મુકુલ શાહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં એનએસયીઆઈના સેનેટ સભ્યોએ પ્રસ્નોત્તર પહેલા જ યુનિવર્સિટી સુધારણા એક્ટ વિરોધી ઠરાવ પસાર કરવાની માંગ સાથે સભાને ખોરવી દીધી હતી. જેના કરાણે એનએસયુઆઈ અને એબીવીપીના સેનેટ સભ્યો સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલચાલી થઈ હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને લગતા વિવિધ પેન્ડીંગ પ્રશ્નોની ચર્ચા માટે સનેટની સાધારમ સબા યુનિવર્સિટીના ઉપકુલપતિ મુકુલ શાહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠક શરૂઆતમાં રાષ્ટ્રીયગીત પુરુ થવાની સાથે બેઠક તોફાની બની ગઈ હતી. બેઠકમાં પ્રશ્નોત્તરી શરૂ થાય તે પહેલા જ એનએસયુઆઈના સેનેટ સભ્યોએ યુનિવર્સિટી સુધારણા વિરોધમાં ઠરાવપસાર કરવા માંગ કરી હતી. જો કે અધ્યક્ષે તેમની માંગ ઠુકરાવી દેતા એનએસયુઆઈના સભ્યો ઉશ્કેરાયા હતા. જેથી ઉશ્કેરાયેલા એનએસયુઆઈના સભ્યો હંગામો મચાવીને અધ્યક્ષનું માઈક ખેંચી લીધુ હતુ. સામાન્યરીતે પ્રશ્નોત્તરીકાળમાં કોઈ પણ પ્રકારનો વિરોધ પ્રદર્શન કરવાની મનાઈ હોય છે તે અંગે સભા અધ્યક્ષે વિરોધ પ્રદર્શન કરી રહેલા સભ્યોને સમજાવવા પ્રયત્ન કર્યો હતો. જો કે એનએસયુઆઈના સભ્યોએ વિરોધ પ્રદર્શન યથાવત રાખ્યુ હતુ. જેના કારણે બે ઠરાવ પસાર કરીને માત્ર ૪૫ મિનિટમાં સાધારણ સભા આટોપી લેવાઈ હતી.

## કચ્છમાં ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આજે સવારે ૧૦.૪૦ વાગ્યાની આસપાસ સરદાર સરોવર ડેમ પાસે ભૂકંપનો આંચકો આવ્યો હતો જ્યારે કચ્છના રાપર નજીક બપોરે ૧૨.૦૩ વાગ્યાની આસપાસ આંચકો આવ્યો હતો. આની તીવ્રતા ૪.૫ નોંધાઈ હતી. છેલ્લા ઘણા સમયથી કચ્છમાં ભૂકંપના નાનામોટા આંચકાઓ યથાવતરીતે આવી રહ્યા છે જેથી લોકોમાં ભય પ્રવર્તી રહ્યો છે. આવા ગાળા વચ્ચે આજે મોટો આંચકો નોંધાયો હતો જેથી લોકો વધુ ભયભીત બની ગયા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટચૂકડી જાહેર ખબર

'સબ દર્દોકી એક દવા'
'પહેલું સુખ તે જાતે નર્યા'
ગમે તેવા હઠીલા, અસાધ્ય, વર્ષો જૂના રોગો તેમજ અસંખ્ય (ઘણીબધી) દવાઓ ખાઈને કંટાળી ગયેલા લોકો માટે આડ-અસર વિના જડમૂળથી સંપૂર્ણ ઈલાજ
સર્વ રોગોનો રામબાણ ઈલાજ
Sanjay : 99033232163

અઢળક નાણા કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રિટાયર્ડ, અભણ, દિવના ૨/૪ કલાક કામ કરીને લાખો રૂપિયા કમાવા અને જીવનના દરેક સપના સાકાર કરવાની પ્રબળ ઈચ્છા ધરાવતાએ જ સંપર્ક કરવો (અમૂલ્ય તક)
(કોઈપણ રોકાણ વગર)
Sanjay : 99033232163

વાઘેલા ક્લિનીંગ
સોફા સેટ, ચૈર શૈમ્પુ, મોડ્યુલર હોમ ઓફીસ, કિંચન, ટોયલેટ, બાથરૂમ ક્લિનીંગ નાની ડ્રેનેજ લાઈન ક્લીન કરવા માટે મળો.
સંપર્ક
૯૮૨૪૯૫૯૦૧૫